ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન

મહત્તમ : ૪૧.૨ ડીગ્રી
લઘુતમ : ૨૪.૭ ડીગ્રી
ભેજ
સવારે ૩૭ ટકા ● સાંજે ૨૦ ટકા

# શહેરમાં હોળી પર્વે 'ગુજીયા' ઓન ડીમાન્ડ









ગાંધીનગર, તા.૧૬

શહેરભરમાં રંગોનું પર્વ હોળીની તડામાર તૈયારીઓ કરવામાં આવી છે. આ રંગબેરંગી પર્વ મીઠા મધુર સ્વાદ વગર અધુરું ગણાય છે. જો કે દરેક તહેવારમાં અલગ અલગ મીઠાઈઓનું પોતાનું આગવું મહત્વ રહેલું છે. હોળી-ધૂળેટીમાં મીઠા મધુર ગુજીયા અને ઘેવરની ખરીદી વધારે થાય છે અને ઘેવર અને ગુજીયા વગર હોળીનો તહેવાર અધુરો લાગે છે ત્યારે શહેરની ફરસાણની દુકાનોમાં હોળી પૂર્વે ગુજીયા, ઘેવર, ઘેવરની જલેબી, ડ્રાયફ્રુટ ગુજીયા, મલાઈવાળી ઘેવર, રાજસ્થાની ઘેવર, ખજૂર, હાયડા, ડ્રાયફ્રુટના હેમ્પર્સ અગાઉથી જ તૈયાર કરાવવામાં આવ્યા છે. આ વર્ષે હોળી-ધૂળેટી પર્વમાં શહેરીજનો અઢળક મીઠાઈઓ ખરીદશે તેવું પણ જાણવા મળ્યું હતું.

હોળીનો તહેવાર ગુજીયા વિના અધૂરો ગણાય છે. હોળીના તહેવારમાં બંગાળમાં ખાસ કરીને ગુજીયા બનાવવામાં આવે છે આ કારણે પરંપરા મુજબ અનેક જગ્યાએ આ સ્વીટ બનાવવામાં આવે છે તે ખાસ કરીને દિવાળીમાં બનતા ઘૂઘરા જેવી હોય છે. હોળી પર્વ નિમિત્તે શહેરીજનો પોતાના સગા સંબંધીને ભેટ સોગાદ આપવા માટ આ ઘેવર, ગુજીયા તથા ડ્રાયફ્રુટના હેમ્પર્સની ખરીદી કરે છે.

**માવા ગુજીયા- ૫૦૦ થી ૬૦૦ રૂ.**
**ડ્રાયફ્રુટ ગુજીયા - ૩૨૦ રૂ.**
**ઘેવર જલેબી - ૩૦૦ રૂ.થી ૪૦૦રૂ.**
**રાજસ્થાની ઘેવર - ૫૬૦ રૂ.**
**મલાઈ ઘેવર - ૬૦૦ રૂ.**
**ઠંડાઈ - ૫૦ થી ૬૦ રૂ. એક ગ્લાસના**
**વિવિધ હેમ્પર્સ - ૪૦૦રૂ. થી ૫૦૦ રૂ.**

ગાંધીનગરમાં ફરસાણની શોપ એવી પ્રખ્યાત રાધે સ્વીટ એન્ડ નમકીન તથા વૃંદાવન શોપના વેપારી સાથે વાત કરતા જાણવા મળ્યું હતું કે આ વર્ષે હોળી પર્વ નિમિત્તે ઘેવર, ગુજીયા ઓન ડિમાન્ડ રહેશે.

રાધે સ્વીટ એન્ડ નમકીન શોપના વિપુલભાઈ સુખડીયાના જણાવ્યા મુજબ આ વર્ષે હોળી પર્વ નિમિત્તો બે થી ત્રણ પ્રકારના ગુજીયા, ઘેવરમાં પણ બે જાતની વેરાયટીઓ, વિવિધ હેમ્પર્સ જેમાં ખજૂર, હાયડા, ડ્રાયફ્રુટ, ધાણી,ચણા, ચવાણુ વિગેરે મુકીને તૈયાર કરવામાં આવ્યા છે. આ સાથે જ ઠંડાઈ ઉપરાંત મોતીચુરના લાડુ હોળી સ્પેશિયલ વેરાયટીમાં છે.

વૃંદાવન ફરસાણ શોપના ધ્રુવિલભાઈ સુખડીયાના જણાવ્યા મુજબ હોળી પર્વ નિમિત્તે ડ્રાયફ્રુટ માવા ગુજીયા, ઘેવર, બેક કરેલા ગુજીયા રાજસ્થાની ઘેવર, ઠંડાઈ, ખજૂર, હાયડા, ડ્રાયફ્રુટના હેમ્પર્સનું વેચાણ ચાલી રહ્યું છે. હોળીના દિવસે ગ્રાહકોની સંખ્યામાં વધારો થાય તેવી શકયતા સેવાઈ રહી છે.

હોળીમાં ઠંડાઈનો સ્વાદ એકદમ સ્વર્ગીય લાગે છે. દૂધ, બદામ, મસાલાઓથી ઉર્જાથી ભરપૂર ઠંડાઈ એ હોળીમાં પીરસવા માટે યોગ્ય પીણુ છે. વરિયાળી, એલચી, મરી, કેસરની સુગંધ, દૂધના ગાઢ સ્વાદને ભાવનાને પુનર્જીવિત કરે છે. રાજસ્થાનની પ્રખ્યાત મીઠાઈ ઘેવર હોળીના પર્વમાં ખૂબ ખવાય છે. હોળી પૂર્વે બજારોમાં ભીડનો માહોલ જોવા મળી રહ્યો છે. શહેરીજનો પોતાના સગાસંબંધીઓ માટે વિવિધ ભેટ સોગાદોની કરીદી કરી રહ્યા છે. હોળી પર્વમાં જે યુગલની પ્રથમ હોળી હોય છે તેમના માટે હોળી પર્વમાં ખાસ ઉજવણીઓ કરાય છે જેથી શહેરના બજારોમાં તહેવારનો માહોલ છવાયો છે. આ વર્ષે શહેરીજનો મીઠાઈનો સ્વાદ માણીને હોળીની ઉજવણી કરશે ગયા બે વર્ષોમાં કોરોનાના કારણે ભયનો માહોલ હોવાથી મીઠાઈની દુકાનોમાં તહેવારોમાં પણ ફીક્કો માહોલ જોવા મળ્યો હતો પરંતુ આ વર્ષે આનંદ અને ઉત્સાહથી શહેરમાં હોળી ઉજવાશે.

## વિજ નિયમન પંચને સુધારા સૂચવવા શહેરીજનોને વસાહત મહામંડળનું આહ્વાન

ગાંધીનગર, તા.૧૬

ભારત સરકાર તથા ગુજરાત વીજ નિયમન પંચ દ્વારા ગ્રાહકોના હિત અને રક્ષણ માટે પ્રવર્તમાન કાયદાઓમાં સુધારો, વધારો કે ઉમેરો કરવો હોય તો સૂચનો આવકાર્ય છે તે માટે ત્રીજા ગ્રાહકલક્ષી સુધારા માટે ગુજરાત વીજ નિયમન પંચના તા.૨ માર્ચના પત્ર થકી સૂચવાયું હોવાનું ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચ દ્વારા અખબારી યાદીમાં જણાવાયું છે. તેમના જણાવ્યાં અનુસાર સુધારા અંગેની વિગતોનો અભ્યાસ કરવો હોય તેમણે જર્ક ગુજરાત, ગિફ્ટ સિટી ટાવર નં.૧માં છઠ્ઠા માળે સંપર્ક કરવો અને સુધારા અંગેના સુચનો તારીખ ૨૫મી માર્ચ ૨૦૨૨ પહેલાં કરવાના રહેશે. ગ્રાહકલક્ષી કાયદામાં પાંચ સુધારાઓ સુચવાયા છે જે અંગેનો અભ્યાસ કરી સુધારાઓ સૂચવવા આહવાન કરવામાં આવ્યું છે જે અંગે નોંધ લઈને નાગરિકોએ પોતાના સુધારા સીધા 'જર્ક'ને પણ કરવા શહેર વસાહત મહામંડળના હોદ્દેદારો અરુણ બુચ, મયુર વ્યાસ, કિશોર જીકાદરા, પ્રદિપ સોલંકી, સુધીર દેસાઈ, ભાનુભાઈ દવે અને બી એ શુક્લ દ્વારા જણાવાયું છે.

## મધુર ડેરીએ ભાજપ પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલનો જન્મદિવસ ઉજવ્યો

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ (મધુર ડેરી) દ્વારા ભારતીય જનતા પાર્ટી, ગુજરાત પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલના જન્મ દિવસની ઉજવણીના ભાગરૂપે સેકટર-૨૮ની બહેરામૂંગાની શાળામાં મધુર ડેરીના ચેરમેન ડૉ શંકરસિંહ રાણા તથા તેમની ટીમે બાળકો વચ્ચે ઉત્સાહભેર ઉજવણી કરી હતી. નાના ભૂલકાંઓએ સી.આર. પાટીલને હેત ભર્યા વ્હાલ આપીને



જન્મદિવસનાં અભિનંદન પાઠવ્યા હતા અને સંગીતના તાલે એક નારે સી.આર. પાટીલને તુમ જીઓ હજારો સાલ ઔર સાલ કે દિન હો દશ હજાર જેવા નારા બોલ્યા હતા. ઉપરાંત આદિવાડા ગામ ખાતે રહેતા ગરીબ બાળકોને મધુર ડેરીના ચેરમેન ડૉ. શંકરસિંહ રાણા અને તેમની ટીમ દ્વારા ૨૦૦ એમ.એલ.ના ફલેવર્ડ મિલ્કના પાઉચનું વિતરણ કરી સી.આર. પાટીલને તેમના જન્મદિવસની શુભેચ્છા પાઠવી હતી.

## સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ રાજય મહિલા પાંખ દ્વારા 'વિવિધતામાં એકતા' કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા.૧૬

શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ ગુજરાત રાજય મહિલા પાંખ દ્વારા 'વિવિધતામાં એકતા' કાર્યક્રમ યોજાયો હતો. જેમાં શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ, ગુજરાત રાજયના પ્રમુખ પિનાકીનભાઈ રાવલ, મહામંત્રી અનિલભાઈ શુકલ, પ્રમુખ અમદાવાદ શહેર દેવેન્દ્ર શુકલ, મહામંત્રી અમદાવાદ શહેર રૂપેશભાઈ પંડયા તથા પ્રમુખ ડૉ. ધારીણીબેન શુકલ, મહામંત્રી મહિલા પાંખ ડૉ. સ્મિતાબેન જોષી, મહિલા પ્રમુખ સ્મિતાબેન જોષી, મહામંત્રી સોનલબેન જાની, હિનાબેન ઠાકર, જાગૃતિબેન પાઠક તેમજ સંગઠનની બહેનોએ આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. આ કાર્યક્રમમાં લગભગ ૨૦૦ બહેનોએ હાજરી આપી હતી. બહેનોએ વિવિધ રાજયોની વેશભુષામાં ભાગ લીધો હતો અને વિજેતા થયા હતા. જેમાં પ્રથમ ક્રમે ભૂમિબેન ભટ્ટ, દ્વિતીય ક્રમે કિરણબેન જાની, તૃતીય ક્રમે સેજલબેન પંડયા વિજેતા રહ્યા હતા. નીલાબેન શુકલ, વિભાબેન ભટ્ટ, પ્રકાશબેન દવે, નિર્ણાયક તરીકેની ભૂમિકામાં હતા. આ કાર્યક્રમનું સંચાલન સોનલેબન જાની દ્વારા કરવામાં આવ્યું હતું.



સેક્ટર-ઉન્યૂ વસાહતી ભાઈબહેનો તથા વસાહત મંડળની સંયુક્ત મીટીંગ તારીખ ૧૪ સોમવારે સેક્ટરના બગીચામાં રાત્રે ૯:૦૦ વસાહતના પ્રમુખ જયેશભાઈ આગાજાના અધ્યક્ષ પણા હેઠળ યોજવામાં આવી હતી. જેમાં વૈદિકવિધિ અનુસાર દરવર્ષ ની માફક હોલિકા દહનનો ઉત્સવ ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું હતું. હોળી પ્રગટાવવાનું શુભ મુર્હત પૂજન તારીખ ૧૭ ગુરુવારે સાંજે ૭:૨૧ કલાકે છે સક્રિય વસાહતી સારી સંખ્યા હાજર રહી સહયોગી બની ઉત્સવ ભવ્ય બનાવવા સૌએ લાગણી વ્યકત કરી હતી.

## સેકટર-૭-એમાં હોળી પર્વની ઉજવણીનું આયોજન

ગાંધીનગર, તા.૧૬

સેકટર-૭-એ વસાહત મંડળ દ્વારા હોળી પર્વની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. સાંજે ૭.૧૫ વાગ્યે નવરાત્રિ ચોકમાં હોળી પ્રગટાવવામાં આવશે. જેનો દર્શનનો લાભ લેવા વસાહતીઓને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. હોળી દહન બાદ ખજૂર અને ધાણીનો પ્રસાદ આપવામાં આવશે. ધૂળેટીના દિવસે અબીલ, ગુલાલથી રંગોત્સવ મનાવવામાં આવશે. આ બંને ઉત્સવોની ઉજવણીને સાર્થક કરવા હોદ્દેદારો જશવંત ગાંધી, ગણેશભાઈ પટેલ, પ્રો. અશોકભાઈ પટેલ, ભદ્રેશભાઈ શાહ, વિનોદભાઈ રાવલ, વિપુલભાઈ પટેલ, મહેશભાઈ પટેલ, હિરેન શાસ્ત્રીએ જહેમત ઉઠાવી આયોજન કર્યું છે.

## એસ.જી. શાળામાં લોકગીત સ્પર્ધાનું આયોજન



ગાંધીનગર, તા.૧૬

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત એસ.જી. અને એસ.વી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં લોકગીત સ્પર્દાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધોરણ-૫ થી ૮ના વિદ્યાર્થીઓએ પોતાના સુંદર અવાજમાં સુંદર પોશાક પહેરીને વિવિધ ભાષાના લોકગીત રજૂ કર્યા હતા.

## સ્વધાર ગૃહ દ્વારા હોળી-ધૂળેટી પર્વ નિમિત્તે ધાણી, ખજૂર, ઘઉંના લોટનું વિતરણ



ગાંધીનગર, તા.૧૬

સ્વધાર ગૃહ નારી સંરક્ષણ ગૃહ 'માતૃછાયા' ખાતે ગાયત્રી પરિવાર મહિલા મંડળ અને જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ તરફથી સંસ્થાની બહેનોને હોળી-ધૂળેટીના તહેવાર નિમિત્તે ધાણી, ખજૂર, ઘઉંના લોટની સેવા આપવામાં આવી હતી. આ પ્રસંગે ગાયત્રી મંત્રનું મહત્વ તેમજ હોળી વિશે માહિતી આપવામાં આવી હતી. જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના વિમળાબેન અયાચીએ બહેનોને કાયદા અને રક્ષણની જાણકારી પૂરી પાડી હતી. આ પ્રસંગે નારીગૃહના ચેરમેન શર્મિષ્ઠાબેન દવે, હંસાબેન જોષી, સરોજબેન દેસાઈ, સ્વધારગૃહનો સ્ટાફ તથા ગાયત્રી પરિવારની તમામ બહેનો ઉપસ્થિત રહી હતી.

## મહાનગર ભાજપ દ્વારા સી.આર. પાટીલના જન્મદિને સેવાકીય પ્રવૃત્તિઓ યોજાઈ





ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર મહાનગર ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, આજરોજ ૧૬ માર્ચ ૨૦૨૨, બુધવારે ગુજરાત ભાજપના યશસ્વી પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલના જન્મદિનની ગાંધીનગર મહાનગર ભાજપ સંગઠન દ્વારા વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ થકી ઉજવણી કરવામાં આવી છે. ગાંધીનગર મહાનગર ભાજપાના પ્રમુખશ્રી ઋચિર ભટ્ટના માર્ગદર્શન હેઠળ વિવિધ મોર્ચાઓ અને વોર્ડ સંગઠન દ્વારા મેડિકલ કેમ્પનું આયોજન, ફ્રૂટ, મિલ્ક, જયુસ, ખજૂર સહિત પૌષ્ટિક આહારનું વિતરણ કરવામાં આવ્યું હતું તેમજ વ્હાલી દીકરી, સુકન્યા સમૃદ્ધિ, આયુષ્યમાન ભારત, વિધવા સહાય, ઈ-શ્રમ કાર્ડ સહિતની યોજનાઓનો લાભ મેળવવા પાત્ર પ્રત્યેક નાગરિક લાભ લે તે અંગે આજના સેવાયજ્ઞના લાભાર્થી નાગરિકોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

મહાનગર ભાજપા સંગઠનના પ્રમુખશ્રી ઋચિર ભટ્ટ, મેયરશ્રી હિતેશભાઈ મકવાણા, ડે. મેયરશ્રી પ્રેમલસિંહ ગોલ, સ્ટે. કમિટી ચેરમેનશ્રી જસવંતભાઈ પટેલ, મહામંત્રીશ્રીઓ, સંગઠનના હોદ્દેદારો, અગ્રણીશ્રીઓ, કોર્પોરેટરો દ્વારા ભાજપા સુપોષણ અભિયાન અંતર્ગત ૧૦૧ બાળકો દત્તક લેવામાં આવ્યા હતા.

આજરોજ ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ દ્વારા વીડિયો કોન્ફરન્સના માધ્યમથી રાજ્યભરના કાર્યકર્તાઓને થનાર સંબોધનને પ્રદેશ મહામંત્રીશ્રી રજનીભાઇ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં સ્વામી વિવેકાનંદ હોસ્ટેલ, સેક્ટર-૧૭ ખાતે સામુહિક રીતે સાંભળવાનું આયોજન કરવામાં આવ્યું છે.

મહાનગર ભાજપા પ્રમુખશ્રી ઋચિર ભટ્ટે મહાનગર ભાજપા સંગઠન વતી ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલને જન્મદિવસની અઢળક શુભેચ્છાઓ પાઠવી હતી અને શ્રી પાટીલના આરોગ્યપ્રદ દીર્ઘાયુ માટે પ્રાર્થના કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, કુશળ સંગઠક, પેજસમિતિના પ્રણેતા, પ્રભાવશાળી વ્યક્તિત્વના ધની શ્રી સી.આર.પાટીલની આગવી નેતૃત્વ કળા, વિશિષ્ટ કાર્યપધ્ધતિથી રાજ્યભરના ભાજપનાં કાર્યકર્તાઓમાં નવી ઉર્જાનો સંચાર થયો છે. ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલના નેતૃત્વમાં ગુજરાત ભાજપ સફળતાનાં નવા આયામો સર કરી રહ્યું છે.

## ચિરવિદાય

● મુકિતધામ ●

- સ્વ. પટેલ જીતેન્દ્ર કાંતિલાલ, ઉ.વ. ૫૦, સેકટર-૫
- સ્વ. ડાભી કેશરબેન નેનાજી, ઉ.વ. ૭૧, પેથાપુર
- સ્વ. પંડયા કુસુમબેન રસિકભાઈ, ઉ.વ. ૬૯, સેકટર-૨૨

## જન્મદિને વધામણી



હંસાબેન દિનેશકુમાર રાઠોડ
મો. ૯૨૨૮૫ ૬૩૪૮૧



પલક પરસોત્તમભાઈ પરમાર
મો. ૭૮૭૪૪ ૫૭૪૪૩



હેમાંગ હરેશકુમાર જોષી
મો. ૮૦૦૦૯ ૧૧૬૧૬



જેનિલ ડી સોલંકી
મો. ૯૭૧૪૭ ૧૫૫૦૯



ત્રિશા સતીષકુમાર ઠક્કર
મો. ૮૫૧૧૧ ૯૪૬૦૬



અભિ પટેલ
મો. ૬૩૫૩૬ ૧૨૩૭૪



રાઠોડ યુવરાજ દિનેશકુમાર
મો. ૯૮૯૮૭ ૩૦૬૨૭

## શ્રી વિશ્વ કર્મા સેવા સમાજ દ્વારા નિઃશુલ્ક જયોતિષ-વાસ્તુ માર્ગદર્શન શિબિર

શ્રી વિશ્વકર્મા સેવા સમાજ ગાંધીનગર અને શિવહરી ટ્રસ્ટના સહયોગથી વિશ્વકર્મા વંશજ તથા જિલ્લાના રહેવાસીઓ માટે ફ્રી જયોતિષ-વાસ્તુ માર્ગદર્શન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. જે તારીખ ૧ એપ્રિલે બપોરે ૧થી ૫ કલાકે શ્રી વિશ્વકર્મા સેવા સમાજ, સે-૧૨ના સંકુલમાં યોજાશે. આ શિબિરમાં જયોતિષ શાસ્ત્ર તથા વાસ્તુશાસ્ત્ર અંગેના પ્રશ્નોનું નિરાકરણ અને માર્ગદર્શન જયોતિષ દ્વારા ફીમાં આપવામાં આવશે. જેમાં જન્મકુંડળી અને મકાનનો પ્લાન સાથે લાવવાનો રહેશે. આ શિબિરમાં રજીસ્ટ્રેશન માટે સ્મિતા સુથાર મો.નં. ૯૩૨૭૬૧૯૯૦૧ પર સંપર્ક કરવા જણાવાયું છે.